## શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલના નિષ્ણાત ડૉક્ટરો અને કર્મચારીઓની ટીમ



## શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટના કાર્યકરોની ટીમ



Trust Regd. No.: E/17046, Ahmedabad.
Dated : 28/01/2005

**સંપર્ક માટેનું સરનામું :**
**શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ**
C/o શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલ
કલિકુંડ રોડ,અટલ સરોવરની સામે, ધોળકા -૩૮૨ ૨૨૫. જિ. અમદાવાદ
ફોન.: મો. ૯૮૨૫૪ ૧૫૩૧૯ / ૦૨૭૧૪ - ૨૨૩ ૩૬૪ Email : vkaushal2000@gmail.com

**હેડ ઓફિસ**
**શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ**
C/o ઈનસ્પિરોન એન્જિનિયરિંગ પ્રા. લિ., ઓઢવ જીઆઈડીસી પાસે, ઓઢવ,
અમદાવાદ-૩૮૨ ૪૧૫. ફોન નં. : ૦૭૯ - ૩૦૨૧૨૦૦૦

# શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ

## વાર્ષિક અહેવાલ

## ૨૦૨૨-૨૩

Trust Regd. No.: E/17046, Ahmedabad.
Dated : 28/01/2005


















# ટ્રસ્ટીઓનું નિવેદન :

શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા **વર્ષ ૨૦૨૨-૨૩** દરમિયાન કરવામાં આવેલી વિવિધ પ્રવૃત્તિઓનો વાર્ષિક અહેવાલ આપની સમક્ષ રજુ કરી રહ્યા છીએ.

દરેક સારા અને સમાજ ઉપયોગી વિચાર પાછળ એક ચોક્કસ ધ્યેય **(Vision)** રહેલું હોય છે. વિઝન સિદ્ધ કરવા મિશન જરૂરી છે અને મિશન ત્યારે જ સફળ થાય છે, જયારે એ માટે પ્રવૃત્તિઓ - કાર્ય (Action) નું આયોજન કરીને તેનો અમલ કરવામાં આવે. આમ તો, ટ્રસ્ટની સ્થાપના સમયે ટ્રસ્ટના દૂરદર્શિતા/ ધ્યેય **(Vision)** અને કાર્ય **(Mission)** નક્કી કરીને જ ટ્રસ્ટ કાર્યરત થયું હતું તે બાબતને આપ સૌની સમક્ષ શબ્દોમાં મૂકીએ છીએ.

**દૂરદર્શિતા / ધ્યેય(Vision) :** આવનારા વર્ષોમાં ગ્રામીણ યુવાધન રાષ્ટ્રના નવનિર્માણમાં મહત્વનું યોગદાન આપી શકે તે માટે પ્રાથમિક શાળાથી બાળકની સર્જનાત્મક શક્તિ અને તેનો આત્મ વિશ્વાસ વિકસે તે માટે અભ્યાસક્રમને કેન્દ્ર સ્થાને રાખીને શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ , પૂરક શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરશે.

**કાર્ય (Mission):** ગ્રામીણ વિસ્તારમાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની સુષુપ્ત સર્જનાત્મકતા અને જિજ્ઞાસાવૃત્તિને ઉજાગર કરવા શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ, પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ સંબંધિત શૈક્ષણિક કાર્ય કરશે.

ટ્રસ્ટ દ્વારા વર્ષ **૨૦૨૨-૨૩** દરમિયાન આરોગ્ય અને શિક્ષણના ક્ષેત્રે જે પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી તેની સંક્ષિપ્તમાં વિગતો આ વાર્ષિક અહેવાલમાં આપની સમક્ષ રજૂ કરતા આનંદ અનુભવીએ છીએ.




**આરોગ્ય :** અમારા પરિવારના આદરણીય **સ્વ. શ્રીમતી સંતોકબા ભગવતીની** સ્મૃતિમાં આપેલા અનુદાનથી શરૂ થયેલી શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલ દ્વારા **છેલ્લા ૫૪ વર્ષથી** અવિરત પણે ધોળકા શહેરના નગરજનો અને ધોળકા શહેરની આસપાસના ગામોના ગ્રામીણ જન સમુદાયને સારવારના અધતન ઉપકરણો અને નિષ્ણાત અનુભવી ડૉક્ટરો દ્વારા તદ્દન રાહત દરે આરોગ્યલક્ષી સેવાઓ પુરી પાડી રહ્યાં છીએ.

હૉસ્પિટલમાં આવતા દર્દીઓને વધુ સારી રીતે અધતન સારવાર આપી શકીએ તે હેતુથી, આ વર્ષે હૉસ્પિટલમાં અપાતી આરોગ્ય સેવાઓ અને સુવિધાઓનું આધુનિકીકરણ અને તેને વિસ્તૃત (Expansion / Extensive) કરવા ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. ખાસ તો હૉસ્પિટલમાં સારવારના કેટલાંક નવા વિભાગો શરૂ કર્યા તથા હૉસ્પિટલના કેટલાક વિભાગોના મકાનોનું નવીનીકરણ કરવામાં આવ્યું છે.

સપ્ટેમ્બર, **૨૦૨૨** માં હૉસ્પિટલને સ્ટેટ બેંક ઑફ ઇન્ડિયા, ગુજરાત તરફથી એક એમ્બ્યુલન્સ ભેટમાં આપવામાં આવી હતી આથી દર્દીઓને રાહત દરે એમ્બ્યુલન્સની સેવા ઉપલબ્ધ કરાવી શક્યા છીએ. ટ્રસ્ટીગણ સ્ટેટ બેંક ઑફ ઇન્ડિયાના વિશેષ આભારી છે.

**શિક્ષણ :** શિક્ષણ વ્યક્તિના સર્વાંગી વિકાસમાં બહુ મહત્વની ભૂમિકા ભજવે છે. નોબેલ પુરસ્કાર વિજેતા અર્થશાસ્ત્રી અમર્ત્ય સેનના મતે પ્રાથમિક શિક્ષણ દેશના વિકાસની ચાવી છે. ગ્રામીણ વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં શિક્ષણની ગુણવત્તામાં વૃદ્ધિ કરવા માટે ટ્રસ્ટ દ્વારા અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાની પસંદગીની સરકારી પ્રાથમિક શાળાઓમાં વર્ષ **૨૦૧૪** થી **" પ્રગતિશીલ શાળા વિકાસ "** યોજનાની શરૂઆત કરવામાં આવી હતી. આ યોજના હેઠળ વર્ષ **૨૦૨૨-૨૩** દરમિયાન વિવિધ પ્રકારની શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રગતિશીલ શાળા વિકાસ યોજના હેઠળની શાળાઓમાં પ્રાથમિક શિક્ષણને વધુ ગુણવત્તાસભર બનાવવા માટેના સ્થાનિક શાળાના પ્રયાસોમાં, ટ્રસ્ટ શાળાઓને વધુ સારી રીતે પૂરક સહયોગ આપી શકે, તે હેતુસર આગામી શૈક્ષણિક વર્ષથી **ડૉ. કે.આર.શ્રોફ ફાઉન્ડેશન, અમદાવાદ**નો ટેકનિકલ સહયોગ અને માર્ગદર્શન મેળવવાનું અમારૂં આયોજન છે.



ટ્રસ્ટ દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન જે શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી તેમાં મુખ્યત્વે,

**ગુણવત્તાયુક્ત શિક્ષણ:**

**(૧) ટ્રસ્ટના શિક્ષકો દ્વારા કરવામાં આવેલ શૈક્ષણિક કાર્ય:**

**૧.૧ શાળાકીય શૈક્ષણિક કાર્ય :** પ્રાથમિક શાળાઓનું શૈક્ષણિક કાર્ય શરૂ થયું ત્યારે પ્રગતિશીલ શાળા વિકાસ યોજના હેઠળ પસંદ કરેલી શાળાઓમાં જઈને ધોરણ ૧ અને ૨ માં પ્રજ્ઞા અભિગમ દ્વારા (પ્રવૃત્તિ આધારિત શિક્ષણ અભિગમ) વિદ્યાર્થીઓનું શિક્ષણ કાર્ય કર્યું તથા ધોરણ ૩ થી ૮ માં મુખ્યત્વે ગણિત અને વિજ્ઞાન વિષયનું પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ આપવામાં આવ્યું હતું.


શૈક્ષણિક સામગ્રીના ઉપયોગ દ્વારા ગણિત શીખતા વિદ્યાર્થીઓ

**૧.૨ વાંચન- લેખન- ગણનમાં નબળાં વિદ્યાર્થીઓ માટે (Slow Learner) ખાસ શૈક્ષણિક વર્ગો :** શાળાના વર્ગખંડમાં જ્યારે શિક્ષક અભ્યાસક્રમનું શૈક્ષણિક કાર્ય કરાવતા હોય છે ત્યારે જે વિદ્યાર્થીઓ વાંચન – ગણન અને લેખનકાર્યમાં નબળા રહી ગયા હોય તેવા વિદ્યાર્થીઓ વર્ગખંડમાં ચાલતા શિક્ષણ કાર્ય સાથે તાલમેલ સાધવામાં મુશ્કેલી અનુભવતા હોય છે તેથી આવા Slow Learner બાળકોને Main Stream માં લાવવા માટે ટ્રસ્ટે વાંચન- લેખન અને ગણનનો વધુ અભ્યાસ કરાવવા માટેના ખાસ શૈક્ષણિક વર્ગો શરૂ કર્યા છે.

**૧.૩ સહ અભ્યાસિક શૈક્ષણિક પ્રવૃત્તિઓ (Co-Currucular activity) નું આયોજન કરવામાં આવ્યું હતું.**

**૧.૪ વિદ્યાર્થીઓ અને શાળાને પ્રત્યક્ષ રીતે ઉપયોગી થાય તેવી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.**

**(૨) પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ કાર્યમાં અગસ્ત્ય ઈન્ટરનેશનલ ફાઉન્ડેશનનો સહયોગ :** અગસ્ત્ય ઇન્ટરનેશનલ ફાઉન્ડેશનના સહયોગથી **લેબ ઑન બાઇકના-૩ યુનિટ** દ્વારા ધોળકા તાલુકાની **૩૭ પ્રાથમિક શાળાઓમાં** વિજ્ઞાન અને ગણિતનાં વિષયનું પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ કાર્ય કરવામાં આવ્યું.

**(૩) Operation Vasantha (ઑપરેશન વસંતા) :** ઑપરેશન વસંતા (OV) કાર્યક્રમ હેઠળ **૧૬ કેન્દ્રોમાં** ગામના સ્થાનિક બાળકો માટે વ્યક્તિત્વ વિકાસની વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. બાળકો (drop-out) શાળા છોડીને અભ્યાસ અધુરો છોડી દે છે તેવા બાળકોને ફરી શાળાએ ભણવા જવા માટે પ્રોત્સાહિત કરવામાં આ સેન્ટરની મહત્વની ભૂમિકા છે.

**(૪) આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર :** ટ્રસ્ટના આર્થિક સહયોગથી ભાવનગર જિલ્લાના પાલિતાણા તાલુકાના અંતરિયાળ માયધાર ગામે આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર **છેલ્લા ૫ વર્ષથી** કાર્યરત છે. આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર, માયધારની આસપાસ ની **આશરે ૬૫ થી વધુ સરકારી પ્રાથમિક શાળાના ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ** પ્રવૃત્તિ દ્વારા વિજ્ઞાન વિષયને શીખવા માટે આવે છે.


ધોળકા ખાતે ટ્રસ્ટની ટીમ સાથે સંવાદ કરતા અગસ્ત્ય ઇન્ટરનેશનલ ફાઉન્ડેશનના સ્થાપક શ્રી રામજી રાઘવન

**(૫) માઈક્રો સ્કોલરશીપ યોજના :** માર્ચ, ૨૦૨૨ થી અરવિંદો સોસાયટી, પોન્ડુચરીના ટેકનિકલ સહયોગથી વિદ્યાર્થીઓ માટે માઇક્રો સ્કોલરશીપ યોજના શરૂ કરવામાં આવી હતી.

આમ અમારા ટ્રસ્ટ દ્વારા **૨૦૨૨-૨૩** ના વર્ષમાં આરોગ્ય અને પ્રાથમિક શિક્ષણક્ષેત્રે વિવિધ પ્રકારના કાર્યક્રમો અને પ્રવૃત્તિઓનું આયોજન કરીને સમાજને ઉપયોગી થવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે.

ટ્રસ્ટના ધ્યેયની પ્રાપ્તિ માટે આયોજિત વિવિધ પ્રવૃત્તિઓ તથા કાર્યક્રમોમાં ટ્રસ્ટને વિવિધ સ્વરૂપે મદદરૂપ થનાર સૌ સજ્જનો, સ્નેહીજનો, મિત્રો તથા શુભેચ્છકોનો અમે ટ્રસ્ટીગણ હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

**તારીખ : ૧૭-૦૭-૨૦૨૩**
**સ્થળ : અમદાવાદ**

**શ્રી પ્રકાશ કે. ભગવતી**
**શ્રીમતી અંજના પી. ભગવતી**
**શ્રી અમોલ પી. ભગવતી**
**શ્રીમતી અમ્રીતા શાહ**

# ગુણવત્તાયુક્ત શિક્ષણ

શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા **સ્વ. પ્રભાવતીબહેન ભગવતીના જન્મ શતાબ્દી વર્ષ ૨૦૧૪** માં સ્મૃતિ વંદના અને તેમના સ્મરણમાં ગ્રામીણ વિસ્તારોમાં પ્રાથમિક શિક્ષણની ગુણવત્તામાં વધારો થાય તે હેતુથી **'પ્રગતિશીલ શાળા વિકાસ'** યોજનાનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

ગ્રામીણ વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં ' પ્રગતિશીલ શાળા વિકાસ ' યોજના હેઠળ પ્રાથમિક શિક્ષણને વધુ ગુણવત્તાલક્ષી બનાવવાના હેતુસર કાર્ય કરવા (To implement) માટે **અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાની ૧૨ સરકારી પ્રાથમિક શાળાઓની ત્રણ તબક્કામાં પસંદગી કરવામાં આવી છે.** આ ૧૨ પ્રાથમિક શાળાઓમાં શિક્ષણને ગુણવત્તાલક્ષી બનાવવાના હેતુને સિદ્ધ (Achieve the goal) કરવા માટે ટ્રસ્ટ દ્વારા દર વર્ષે વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓનું વાર્ષિક આયોજન કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન કરવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓની વિગત નીચે મુજબ છે.

## ૧. પ્રવૃત્તિ આધારિત શિક્ષણ કાર્ય (Activity based learning approach)

### પ્રવૃત્તિ આધારિત શિક્ષણ કાર્ય કરવા માટે મોબાઇલ યુનિટ:

પ્રવૃત્તિ આધારિત શિક્ષણ કાર્ય કરવાના હેતુસર ટ્રસ્ટ દ્વારા મોબાઇલ યુનિટની રચના કરવામાં આવી છે. આ યુનિટ માટે યોગ્ય શૈક્ષણિક લાયકાતવાળા અને તાલીમબદ્ધ શિક્ષકોની ટ્રસ્ટમાં ભરતી કરવામાં આવી છે. ટ્રસ્ટના શિક્ષકો નિયમિત રીતે નિયત સમયપત્રક મુજબ શૈક્ષણિક સાધન-સામગ્રી સાથે લઈને પસંદ કરેલી પ્રાથમિક શાળાઓમાં પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ કાર્ય કરાવવા માટે સમયસર પહોંચી શકે તે હેતુથી ટ્રસ્ટે એક પેસેન્જર રિક્ષા પણ વસાવી છે.

### ૧. ટ્રસ્ટના શિક્ષકો દ્વારા કરવામાં આવેલ શૈક્ષણિક કાર્ય :

#### ૧.૧ શાળાકીય શૈક્ષણિક કાર્ય :

વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન પ્રગતિશીલ શાળા વિકાસ યોજના હેઠળ પસંદ કરેલી ૧૨ શાળાઓમાં વારા ફરતી શિક્ષણ કાર્ય કરવા માટે શાળાએ જવાનું માસિક સમયપત્રક બનાવીને, દર મહિને એક શાળામાં ૨ દિવસ જઈને પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ કાર્ય કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમયગાળા દરમિયાન ટ્રસ્ટનાં શિક્ષકોએ તેમને સોંપેલા ધોરણમાં મુખ્યત્વે ગણિત અને વિજ્ઞાન વિષયને પ્રવૃત્તિ દ્વારા શીખવ્યા હતા. વર્ષ દરમિયાન **કુલ ૨૪૫૦ વિદ્યાર્થીઓને** આ પ્રકારના શિક્ષણ કાર્યનો લાભ મળ્યો હતો.








#### ૧.૨ વાંચન- લેખન- ગણનમાં નબળાં વિદ્યાર્થીઓ માટે ખાસ શૈક્ષણિક વર્ગો :

પ્રગતિશીલ શાળા વિકાસ યોજના હેઠળની પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૧ થી ૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાંથી જે વિદ્યાર્થીઓ વાંચન- લેખન અને ગણનમાં નબળા (Slow Learner) હોય તેવા " પ્રિય વિદ્યાર્થીઓ " માટે શાળાના સમય પહેલાં ૨ થી ૩ કલાક માટે નિયમિત ધોરણે વાંચન- લેખન અને ગણન શીખવવાના વર્ગો શરુ કરવામાં આવ્યા હતા. ગામના સ્થાનિક યુવા- યુવતીઓ કે, જેઓએ સ્નાતક કક્ષાનો અભ્યાસ પૂર્ણ કર્યો હોય તેવી વ્યક્તિઓએ સ્વંય સેવક (Volunteers) તરીકે માનદ પુરસ્કાર થી આ વર્ગોમાં વિદ્યાર્થીઓને શીખવવા માટે સેવા આપી હતી. વર્ષ ૨૦૨૨-૨૩ માં **જુલાઇ - ૨૨ થી માર્ચ- ૨૩** ના સમયગાળા દરમિયાન **પ્રોજેક્ટની ૯ પ્રાથમિક શાળાઓમાં** વાંચન- લેખન અને ગણન માટેના ખાસ વર્ગો શરુ કર્યા હતા. આ વિશેષ વર્ગોમાં અભ્યાસ કરવા માટે **કુલ ૪૩૬ વિદ્યાર્થીઓ** આવતા હતા. નબળા વિદ્યાર્થીઓને વાંચન-લેખન અને ગણન શીખવા માટે સતત મહાવરા (Practice) ની જરુર હોવાથી આ વિશેષ વર્ગોમાં આવતા ૪૩૬ વિદ્યાર્થીઓને ટ્રસ્ટ તરફથી સ્વઅધ્યયન માટે સંખ્યા લેખન અને અક્ષર લેખનની Practice Book વિના મૂલ્યે આપવામાં આવી હતી.


વાંચન-લેખન-ગણનના વિશેષ વર્ગમાં પ્રેક્ટિસબુકમાં લેખનની પ્રેક્ટિસ કરતી વિદ્યાર્થીની

#### ૧.૩ સહઅભ્યાસિક શૈક્ષણિક પ્રવૃત્તિઓ (Co-curricular activity) નું અમલીકરણ :

વર્ષ ૨૦૨૨-૨૩ ના સમયગાળા દરમિયાન પ્રગતિશીલ શાળા વિકાસ યોજના હેઠળ ટ્રસ્ટ દ્વારા સહઅભ્યાસિક શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું તેની વિગતો **કોષ્ટક નંબર -૧** માં આપવામાં આવી છે.


મહેંદી મૂકવાની સ્પર્ધામાં સહભાગી થયેલી વિદ્યાર્થીનીઓ


પોતાની કૃતિ વિશે વિજ્ઞાન મેળામાં માહિતી આપતા વિદ્યાર્થીઓ


વિશ્વ માતૃભાષા ગૌરવ દિન નિમિત્તે અભિનય ગીત રજૂ કરતી વિદ્યાર્થીનીઓ

**કોષ્ટક નં : ૧**

**ટ્રસ્ટ દ્વારા સહઅભ્યાસિક શૈક્ષણિક પ્રવૃત્તિઓ (Co- curricular activity) નું અમલીકરણ**

| ક્રમ | સમયગાળો | પ્રવૃત્તિઓની વિગત | લાભાર્થીની વિગત |
|---|---|---|---|
| ૧ | જુન-૨૦૨૨ | ટ્રસ્ટના પ્રોજેક્ટની ૧૨ શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે મહેંદી અને કેશગુંથન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. | **(૧) મહેંદી સ્પર્ધા:** ધોરણ ૩ થી ૮ માં કુલ **૪૩૦ વિદ્યાર્થીઓએ** ભાગ લીધો હતો.<br>**(૨) કેશગુંફન સ્પર્ધા:** ધોરણ ૬ થી ૮ ની કુલ ૧૭૪ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.<br>**કુલ ૬૦૪ વિદ્યાર્થીઓએ ઉપર જણાવેલ બે સ્પર્ધામાં ભાગ લીધો હતો.** |
| ૨ | સપ્ટેમ્બર -૨૦૨૨ | પ્રોજેક્ટની શાળાના વિદ્યાર્થીઓમાં સ્પર્ધાત્મક અભિગમ ખીલવવાના હેતુથી ભાવનગરની વિકાસ વર્તુળ નામની સંસ્થા દ્વારા દર વર્ષે લેવાતી રાજયસ્તરની GK-IQ (સામાન્ય જ્ઞાન-બુધ્ધિ કસોટી) ની સ્પર્ધાત્મક જાહેર પરીક્ષાનું ટ્રસ્ટ દ્વારા આ વર્ષે પણ સંકલન કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટનાં પ્રોજેક્ટની **૧૦ શાળાઓના ધોરણ ૫ થી ૮ ના કુલ ૩૫૩ વિદ્યાર્થીઓએ** આ રાજ્યસ્તરની GKIQ-૨૦૨૨ની સ્પર્ધાત્મક પરીક્ષા આપી હતી. ટ્રસ્ટ દ્વારા પ્રોત્સાહનરુપે ચારેય ધોરણમાં પ્રથમ અને દ્વિતીય ક્રમે શ્રેષ્ઠ પરિણામ લાવનાર **૮ વિદ્યાર્થીઓને કુલ ૧૪,૦૦૦/-** ની રકમના રોકડ ઇનામ આપવામાં આવ્યાં હતાં. | ધોરણ – ૫ માં શ્રેષ્ઠ પરિણામ લાવનાર ૨ વિદ્યાર્થીઓને રોકડ ઇનામ આપવામાં આવ્યા.<br>ધોરણ – ૬ માં શ્રેષ્ઠ પરિણામ લાવનાર ૨ વિદ્યાર્થીઓને રોકડ ઇનામ આપવામાં આવ્યા.<br>ધોરણ – ૭ માં શ્રેષ્ઠ પરિણામ લાવનાર ૨ વિદ્યાર્થીઓને રોકડ ઇનામ આપવામાં આવ્યા.<br>ધોરણ – ૮ માં શ્રેષ્ઠ પરિણામ લાવનાર ૨ વિદ્યાર્થીઓને રોકડ ઇનામ આપવામાં આવ્યા. |

| | | | |
|---|---|---|---|
| ૩ | સપ્ટેમ્બર **૨૦૨૨** થી ફેબ્રુઆરી **૨૦૨૩** | વિધાર્થીઓમાં જીવન મૂલ્યોનું સંવર્ધન થાય તેવી **પ્રેરણાદાયી ફિલ્મો** શાળાસ્તરે વર્ષ **૨૦૨૨ - ૨૦૨૩** દરમિયાન બતાવી. | પ્રોજેક્ટની **૬ શાળાઓમાં કુલ ૪ વિવિધ પ્રેરણાદાયી ફિલ્મો** (કાબુલીવાલા, મુનમિશન ચંદ્રયાન -૨, આઇ એમ કલામ અને દંગલ) બતાવી. **કુલ ૯૧૨ વિધાર્થીઓએ** ફિલ્મો નીહાળી હતી. |
| ૪ | જાન્યુઆરી **૨૦૨૩** | ટ્રસ્ટના પ્રોજેક્ટની **૧૨** પ્રાથમિક શાળાઓના વિધાર્થીઓમાં સર્જનાત્મક અને કલ્પના શક્તિને વાર્તા દ્વારા વિકસાવવા માટે **બાળ વાર્તા કથનના** કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. | પ્રોજેક્ટની ૧૨ શાળાઓના **કુલ ૨૪૫૦ વિધાર્થીઓને** બાળ વાર્તાનો લાભ મળ્યો હતો. |
| ૫ | ફેબ્રુઆરી **૨૦૨૩** | ટ્રસ્ટના પ્રોજેક્ટની શાળાઓ માટે શાળાકક્ષાએ **વિજ્ઞાન/ ગણિત મેળાનું** આયોજન કરવામાં આવ્યું હતું. | **(૧) ૧૧ શાળાઓમાં કુલ ૨૯૪ વિધાર્થી ભાઈ–બહેનોએ** વિજ્ઞાન / ગણિત મેળામાં ભાગ લઈને વિજ્ઞાન અને ગણિતના વિષયને અનુરુપ સ્વરચિત મૉડેલ રજુ કર્યા હતા.<br>**(૨)** વિજ્ઞાન/ ગણિત મેળામાં શ્રેષ્ઠ મૉડેલ/કૃતિ રજૂ કરનાર વિધાર્થીઓને ટ્રસ્ટ તરફથી ઈનામ તથા પ્રમાણપત્ર આપવામાં આવ્યાં હતા. |
| ૬ | ફેબ્રુઆરી **૨૦૨૩** | ફેબ્રુઆરી **વિશ્વ માતૃભાષા ગૌરવ દિવસ - ૨૦૨૩** ની ઉજવણી નિમિત્તે ટ્રસ્ટના પ્રોજેક્ટની **૧૨** શાળાઓમાં વિધાર્થીઓને ગુજરાતી માતૃભાષાનું મહત્વ સમજાય તે માટે શાળા કક્ષાએ **વિવિધ ૫ પ્રકારની** સ્પર્ધાઓનું ટ્રસ્ટ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. | **(૧) બાળગીત સ્પર્ધા :** ધોરણ ૧ થી ૪ ના કુલ ૧૯૬ વિધાર્થીઓએ ભાગ લીધો હતો.<br>**(૨) અભિનય ગીત સ્પર્ધા:** ધોરણ ૧ થી ૪ ના કુલ ૩૪૬ વિધાર્થીઓએ ભાગ લીધો હતો.<br>**(૩) વાર્તાકથન સ્પર્ધા:** ધોરણ ૫ થી ૮ ના કુલ **૨૧૩** વિધાર્થીઓએ ભાગ લીધો હતો.<br>**(૪) વાર્તાલેખન સ્પર્ધા:** ધોરણ ૬ થી ૮ ના કુલ **૨૧૯** વિધાર્થીઓએ ભાગ લીધો હતો.<br>**(૫) સંગીતમય હાઉસી સ્પર્ધા:** ધોરણ ૫ થી ૮ ના કુલ ૪૪૩ વિધાર્થીઓએ ભાગ લીધો હતો.<br>ઉપર જણાવેલ **પાંચ પ્રકારની સ્પર્ધાઓમાં કુલ ૧૪૧૭ વિધાર્થીઓએ ભાગ લીધો હતો** |



શાળા કક્ષાએ આયોજિત વિજ્ઞાન મેળામાં પોતાની કૃતિ પ્રદર્શિત કરતા વિધાર્થીઓ

### ૧.૪ વિધાર્થીઓ અને શાળાને પ્રત્યક્ષ રીતે ઉપયોગી થાય તેવી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું અમલીકરણ:

પ્રગતિશીલ શાળા વિકાસ યોજના હેઠળ ટ્રસ્ટ દ્વારા દર વર્ષે વિધાર્થીઓ અને શાળાઓને પ્રત્યક્ષ રીતે ઉપયોગી થાય તેવી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. વર્ષ **૨૦૨૨-૨૩** ના વર્ષમાં આવી કેટલીક શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું તેની વિગત **કોષ્ટક નંબર - ૨** માં આપવામાં આવી છે.



ટ્રસ્ટના ફરતા પુસ્તકાલયના પુસ્તકો વાંચતા વિધાર્થીઓ





શાળાના વિધાર્થીઓને વાર્તા કહેતા વાર્તાકાર શ્રી વાસુદેવભાઇ સોઢા



વિજ્ઞાન-ગણિત મેળામાં રજૂ કરેલ કૃતિઓ દર્શાવતા વિધાર્થીઓ

## કોષ્ટક નં : ૨

## વિધાર્થીઓ અને શાળાઓને પ્રત્યક્ષ રીતે ઉપયોગી થાય તેવી ટ્રસ્ટ દ્વારા આયોજીત શૈક્ષણિક પ્રવૃત્તિઓ

| ક્રમ | સમયગાળો | પ્રવૃત્તિઓની વિગત | લાભાર્થીની વિગત |
|---|---|---|---|
| ૧ | જુન-૨૦૨૨ | ૧૨ શાળાઓમાં પ્રવેશોત્સવ નિમિત્તે પહેલાં ધોરણમાં પ્રવેશ લેનાર બાળકોને સ્કૂલ બેગનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. | ૧૨ શાળાઓમાં પહેલાં ધોરણમાં પ્રવેશ મેળવેલા **૨૮૪ વિધાર્થીઓને સ્કુલ બેગ (દફતર)** નું વિનામૂલ્યે વિતરણ કર્યું. |
| ૨ | જુન-૨૦૨૨ | વન મહોત્સવ ૨૦૨૨ નિમિતે **૧૨ શાળાઓને વૃક્ષારોપણ** કરવા માટે **૨૪ પ્રકારના** ફૂલછોડ અને સુશોભન માટેના વૃક્ષોના **૨૧૫૯ નંગ** રોપાઓનું શાળાએ જઈને વિના મૂલ્યે વિતરણ કર્યું. | પ્રોજેક્ટની ૧૨ શાળાઓ |
| ૩ | જુન-૨૦૨૨ | વર્ષ ૨૦૨૧-૨૨ ની વાર્ષિક પરીક્ષામાં ધોરણ – ૧ થી ૮ માં અભ્યાસ કરતા વિધાર્થીઓમાંથી પ્રથમ ત્રણ ક્રમે ઉત્તીર્ણ થનાર **તેજસ્વી વિધાર્થીઓને** પ્રોત્સાહન ઇનામ આપવામાં આવ્યા હતા. | પ્રોજેક્ટની ૧ ૨ શાળાઓના **કુલ ૨ ૮ ૫ તેજસ્વી વિધાર્થીઓને** ઇનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. |
| ૪ | જુલાઇ **૨૦૨૨** થી માર્ચ **૨૦૨૩** | પ્રગતિશીલ શાળા વિકાસ યોજના અંતર્ગતની ૧૨ પ્રાથમિક શાળાઓના વિધાર્થીઓની શારીરિક તદુંરસ્તી માટે **જરૂરી પ્રોટીન તત્વ** મળી રહે તે હેતુથી દર મહિને શાળાઓમાં **કઠોળ વિતરણ** કરવામાં આવ્યું. | ૧૨ શાળાઓમાં **પ્રતિ મહિને ૨૯૬ કિ. ગ્રા. કઠોળનો** કુલ જથ્થો આપવામાં આવ્યો હતો. દરેક શાળામાં પ્રતિ **વિધાર્થી દીઠ દર મહિને ૧૨૦ ગ્રામ કઠોળ** (દેશી મગ / ચણા) આપવામાં આવ્યું હતું. |
| ૫ | સપ્ટેમ્બર **૨૦૨૨** થી માર્ચ **૨૦૨૩** | ટ્રસ્ટના પ્રોજેક્ટની શાળાઓમાં બાળકોની વાંચવાની ટેવ વિકસે તે હેતુથી સપ્ટેમ્બર **૨૨ થી ફરતું પુસ્તકાલય** શરૂ કરવામાં આવ્યું. આ ફરતા પુસ્તકાલયમાં **૧૦૦ જેટલાં પુસ્તકો** બાળકો માટે રાખવામાં આવ્યા હતાં. | પ્રોજેક્ટની ૧૨ શાળાઓના **૧૧૬૦ જેટલા વિધાર્થીઓએ** ફરતા પુસ્તકાલયમાંથી પુસ્તકો વાંચ્યા હતા. |
| ૬ | સપ્ટેમ્બર **૨૦૨૨** | ૧૨ શાળાઓમાં **૫૦% ના રાહતદરે ૩૫૦૦ ડઝન નોટબુકોનું** વિતરણ કર્યું. | ૧૨ શાળાઓમાં ૩ થી ૮ ધોરણમાં અભ્યાસ **કરતા ૧૮૪૪ વિધાર્થીઓને** રાહત દરની નોટબુકોનો લાભ મળ્યો હતો. |
| ૭ | જુલાઇ **૨૦૨૨** થી માર્ચ **૨૦૨૩** | શાળાના વિધાર્થીઓ સાંપ્રત પ્રવાહથી સતત વાકેફ અને જાણકાર રહે તે હેતુસર **૧૨** શાળાઓમાં નવ મહિનાના (જુલાઈ-**૨૨** થી માર્ચ-**૨૩**) સમયગાળા માટે **દૈનિક સમાચાર પત્ર શાળામાં** મંગાવવાનો ખર્ચ ૧૨ શાળાઓને આપ્યો. (૧૨×૧૮૦×૯=રુપિયા ૧૯ ,૪૪૦/-) | **૧૨** શાળાઓમાં ધોરણ ૧ થી ૮ માં અભ્યાસ કરતા **૨૪૫૦ વિધાર્થીઓને દૈનિક સમાચાર પત્ર વાંચવાનો** લાભ મળ્યો હતો. |
| ૮ | જાન્યુઆરી **૨૦૨૩** | **સ્વ. પ્રભાવતીબહેન ભગવતી કન્યા કેળવણી શિષ્યવૃત્તિ સહાય યોજના** હેઠળ કન્યા કેળવણીને પ્રોત્સાહિત કરવા માટે પ્રોજેક્ટની શાળાઓમાંથી અભ્યાસ પૂર્ણ કરીને ધોરણ - ૮ માંથી ૯ માં ધોરણમાં ભણવા ગયેલ ૪૮ વિધાર્થીનીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવી હતી. | ૧૦ શાળાઓની **૪૮ વિધાર્થીનીઓને** વાર્ષિક રુપિયા ૧૦૦૦ મુજબ **કુલ ૪૮૦૦૦ રુપિયાની** શિષ્યવૃત્તિ આપવામાં આવી હતી. |
| ૯ | જાન્યુઆરી **૨૦૨૩** | **સ્વ. પ્રભાવતીબહેન ભગવતી કન્યા કેળવણી શિષ્યવૃત્તિ સહાય યોજના** હેઠળ કન્યા કેળવણીને પ્રોત્સાહિત કરવા માટે પ્રોજેક્ટની શાળાઓમાં અભ્યાસ પૂર્ણ કરીને ધોરણ - ૯ માંથી ૧૦ માં ધોરણમાં ભણવા ગયેલ **૩૭ વિધાર્થીનીઓને** શિષ્યવૃત્તિ આપવામાં આવી હતી. | ૧૦ શાળાઓની **૩૭ વિધાર્થીનીઓને વાર્ષિક** રુપિયા ૧૦૦૦ મુજબ **કુલ ૩૭૦૦૦ રુપિયાની** શિષ્યવૃત્તિ આપવામાં આવી હતી.<br>**ધોરણ - ૯ અને ધોરણ - ૧૦ ની મળીને કુલ ૮૫ વિધાર્થીનીઓને કુલ રુપિયા ૮૫૦૦૦ ની શિષ્યવૃત્તિ ટ્રસ્ટ તરફથી આપવામાં આવી હતી.** |

## ૨. પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ કાર્યમાં અગસ્ત્ય ઈન્ટરનેશનલ ફાઉન્ડેશનનો સહયોગ

ટ્રસ્ટના આર્થિક સહયોગથી ધોળકા **તાલુકાના ૩૬ ગામોમાં** અગસ્ત્ય ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત નીચે મુજબની શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

### ૨.૧ વિજ્ઞાન વિષયને પ્રવૃત્તિ દ્વારા શીખવવાનું શૈક્ષણિક કાર્ય :

અગસ્ત્ય ઇન્ટરનેશનલ ફાઉન્ડેશન નિર્મિત શૈક્ષણિક સાધન – સામગ્રીનો (Hands on activity Kit) ઉપયોગ કરીને વિજ્ઞાન વિષયના મુખ્ય સિધ્ધાંતોને પ્રવૃત્તિ દ્વારા સમજાવવા / ભણાવવા માટે Science-Lab on a Bike (LOB) ના **૨ યુનિટ** ધોળકા તાલુકાની પ્રાથમિક શાળાઓ માટે ફેબ્રુઆરી – ૨૦૧૯ થી શરૂ કરવામાં આવ્યા છે. આ પ્રવૃત્તિના બંને યુનિટ દ્વારા માર્ચ - ૨૦૨૩ ના અંત સુધીમાં ધોળકા તાલુકાની **૨૪ પ્રાથમિક શાળાઓમાં** નિયત સમય પત્રક મુજબ એક શાળામાં મહિનામાં ૨ દિવસ જઈને (Face to Face) **ધોરણ ૬ થી ૮ ના કુલ ૨૯૮૦ વિધાર્થીઓને** પ્રવૃત્તિ દ્વારા વિજ્ઞાન વિષય ભણાવ્યો હતો.





### ૨.૨ ગણિત વિષયને પ્રવૃત્તિ દ્વારા શીખવવાનું શૈક્ષણિક કાર્ય:



અગસ્ત્ય ઇન્ટરનેશનલ ફાઉન્ડેશન દ્વારા નિર્મિત શૈક્ષણિક સાધન – સામગ્રીનો (Hands on activity kit) ઉપયોગ કરીને ગણિત વિષયને પ્રવૃત્તિ દ્વારા ભણાવવા માટે Mathematics-Lab on a Bike (LOB) નું **એક યુનિટ** ધોળકા તાલુકાની **૧૧ પ્રાથમિક શાળાઓ** માટે સપ્ટેમ્બર – ૨૦૧૮ થી શરૂ કરવામાં આવ્યું છે. આ પ્રવૃત્તિના યુનિટ દ્વારા માર્ચ – ૨૦૨૩ ના અંત સુધીમાં ધોળકા તાલુકાની ૧૧ પ્રાથમિક શાળાઓમાં નિયત સમય પત્રક મુજબ એક શાળામાં મહિનામાં ૨ દિવસ જઈને **ધોરણ ૬ થી ૮ ના કુલ ૯૦૦ વિધાર્થીઓને** પ્રવૃત્તિ દ્વારા ગણિત વિષય ભણાવવામાં આવ્યો હતો.



અગસ્ત્ય ફાઉન્ડેશનની શૈક્ષણિક સામગ્રી દ્વારા ગણિત-વિજ્ઞાન વિષય શીખતા વિધાર્થીઓ



### ૨.૩ ટ્રસ્ટની પ્રોજેક્ટની શાળાઓમાં અગસ્ત્ય ઇન્ટરનેશનલ ફાઉન્ડેશન દ્વારા આયોજિત સહઅભ્યાસિક શૈક્ષણિક પ્રવૃત્તિઓ

| ક્રમ | પ્રવૃત્તિની વિગત | પ્રવૃત્તિનો સમયગાળો | પ્રવૃત્તિમાં ભાગ લીધેલ શાળાઓની સંખ્યા | પ્રવૃત્તિમાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|
| | | | | કુમાર | કન્યા | કુલ |
| ૧ | સમર કેમ્પ | એપ્રિલ - મે, ૨૦૨૨ (એક મહિના માટે) | ૧૩ | ૧૨૪૬ | ૧૦૬૧ | ૨૩૦૭ |
| ૨ | ઔષધિય વનસ્પતિ ઓળખ મેળો | ઑગષ્ટ, ૨૦૨૨ | ૭ | ૮૦ | ૫૭ | ૧૩૭ |
| ૩ | વિન્ટર કેમ્પ | નવેમ્બર - ૨૦૨૨ (એક સપ્તાહ માટે) | ૩ | ૪૯૧ | ૩૬૫ | ૮૫૬ |
| ૪ | ગણિતની ક્વિઝ સ્પર્ધા | ૨૨ ડિસેમ્બર, ૨૦૨૨ | ૧ | ૮૮ | ૭૯ | ૧૬૭ |
| ૫ | O.V , સેન્ટરના બાળકોનો મેળો | ૩૧ ડિસેમ્બર,૨૦૨૨ | ૨ | ૫૦ | ૩૩ | ૮૩ |
| ૬ | ઔષધિય વનસ્પતિ ઓળખ મેળો | ફેબ્રુઆરી, ૨૦૨૩ | ૭ | ૧૨૩ | ૧૧૨ | ૨૩૫ |



ઔષધિય વનસ્પતિ ઓળખ મેળામાં વિવિધ પ્રકારની વનસ્પતિઓ પ્રદર્શિત કરતા વિધાર્થીઓ



સમર કેમ્પમાં પ્રવૃત્તિ કરતા વિધાર્થીઓ



શાળા સ્તરે આયોજિત વિજ્ઞાન / ગણિત મેળો



વિજ્ઞાન મેળામાં વિધાર્થી પોતાની કૃતિ વિશે માહિતી આપી રહ્યો છે.

## 3. Operation vasanta (OV) ની પ્રવૃત્તિ

ટ્રસ્ટના આર્થિક સહયોગથી ધોળકા તાલુકાના **૧૬ ગામોમાં** અગસ્ત્ય ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત Operation vasanta (OV) નામની પ્રવૃત્તિ અંતર્ગત **૧૬ OV કેન્દ્રો** શરૂ કર્યા છે. ગ્રામીણ બાળકોનાં સર્વાંગી વિકાસ માટે અને શિક્ષણમાં સમુદાયની ભાગીદારી વધે (Engaging Community participation in education) તે હેતુસર આ કેન્દ્રો શરૂ કર્યા છે. વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન **દૈનિક ધોરણે સરેરાશ ૪૦૦ થી વધારે બાળકોએ** આ ૧૬ કેન્દ્રોમાં આવીને વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો.



O.V સેન્ટરની વિવિધ પ્રવૃત્તિઓમાં સહભાગી થયેલાં બાળકો

## ૪. આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર, માયધાર ( Aavisykar Science Centar)

શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટના આર્થિક સહયોગથી ભાવનગર જિલ્લાના પાલિતાણા તાલુકાના અંતરિયાળ ગામ માયધાર ખાતે લોકભારતી ગ્રામ વિદ્યાપીઠ સણોસરાના ટ્રસ્ટ દ્વારા સંચાલિત પંડિત સુખલાલજી લોક વિદ્યાલય કેન્દ્ર, માયધારના પરિસર (કેમ્પસ) માં **જુન -૨૦૧૯ થી આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર, (Aavisykar Science Center) નો શુભારંભ થયો છે.**

આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર, માયધારની આજુબાજુના પાલિતાણા, તળાજા અને શિહોર તાલુકાની ગ્રામીણ વિસ્તારની **૬૫ થી પણ વધુ સરકારી અને બિન સરકારી પ્રાથમિક શાળાના** ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ સ્વખર્ચે અહીંના વિજ્ઞાન કેન્દ્રમાં આવીને, આખો દિવસ રોકાઇને તેમના વિજ્ઞાન વિષયના અભ્યાસક્રમના એકમો (Unit/Lesson) પ્રવૃત્તિઓ કરીને ભણે છે.

આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રમાં રાજ્ય સરકારના અભ્યાસક્રમ મુજબ તાલીમબદ્ધ યોગ્ય શૈક્ષણિક લાયકાતવાળા અને અનુભવી વિજ્ઞાન વિષયના શિક્ષકો દ્વારા પ્રવૃત્તિ (Hands on activity kit) આધારિત વિજ્ઞાન વિષયનું શિક્ષણ આપવામાં આવે છે.

### પ્રવૃત્તિ દ્વારા વિજ્ઞાન વિષયનું શિક્ષણ :

જુન – ૨૦૨૨ થી ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓનું શાળાકીય શિક્ષણ શરૂ થતાં આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રએ નક્કી કરેલ સમય પત્રક મુજબ માયધારની આસપાસનાં ગ્રામીણ વિસ્તારની સરકારી અને બિન સરકારી પ્રાથમિક શાળાઓએ પોતાના વાહનોમાં દર મહિને વિદ્યાર્થીઓ અને શિક્ષકોને વિજ્ઞાન કેન્દ્રમાં પ્રવૃત્તિ દ્વારા વિજ્ઞાન વિષયને શીખવા માટે મોકલવાનું શરૂ કર્યું હતું.

વર્ષ – ૨૦૨૨-૨૩ દરમિયાન માયધાર ગામની આસપાસનાં **ત્રણેય તાલુકાની ૬૫ થી વધુ પ્રાથમિક શાળાનાં ધોરણ ૬ થી ૮ ના કુલ ૭૩૦૦ થી પણ વધુ વિદ્યાર્થીઓ** આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર, માયધાર ખાતે આવ્યા ત્યારે કેન્દ્રના શિક્ષકોએ પ્રવૃત્તિ દ્વારા વિજ્ઞાન વિષય ભણાવ્યો હતો.



આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર, ખાતે આવી રહેલા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ





આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર ખાતે વિવિધ પ્રાથમિક શાળાઓમાંથી આવેલા વિદ્યાર્થીઓ પ્રવૃત્તિ દ્વારા વિજ્ઞાન શીખી રહ્યા છે

## ૫. માઇક્રો સ્કોલરશીપ યોજના

અરવિંદો સોસાયટી, પોંન્ડુચરીના ટેકનિકલ સહયોગથી **માર્ચ – ૨૦૨૨** થી ટ્રસ્ટ દ્વારા માઇક્રો સ્કોલરશીપ યોજના શરૂ કરી છે. પ્રગતિશીલ શાળા વિકાસ યોજના હેઠળની શાળાઓમાં ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થીઓ દર મહિને પોતાના ધોરણના અભ્યાસક્રમ આધારિત **પાંચ વિષય**ની (ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, અંગ્રેજી અને હિન્દી) ઓનલાઇન ક્વિઝ આપીને **દર મહિને રૂપિયા ૧૦૦૦/- ની માઇક્રો સ્કોલરશીપ મેળવી** શકે તેવી તક વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ આપવામાં આવી છે. દર મહિને વિદ્યાર્થી પોતાના ધોરણના એક વિષયની **૪** ક્વિઝ મુજબ જો **૫** વિષયની **કુલ ૨૦ ક્વિઝ** આપે અને આપેલી દરેક ક્વિઝમાં **૮૦% થી વધારે માર્કસ** લાવે તો તે વિદ્યાર્થી દર મહિને મહત્તમ રુપિયા ૧૦૦૦/- ની રકમની શિષ્યવૃત્તિ મેળવી શકે તેવું આયોજન કરવામાં આવ્યું છે.

આ યોજનાનો મુખ્ય ધ્યેય વિદ્યાર્થીઓ સ્વયં પ્રેરણા (Self-motivation) થી અભ્યાસમાં મહેનત કરીને શ્રેષ્ઠ દેખાવ કરવા પ્રેરાય અને દર મહિને નાની રકમની સ્કોલરશીપ દ્વારા વિદ્યાર્થીને આર્થિક મદદ પણ મળતી રહે તે છે. સ્કોલરશીપની નાની રકમ મળવાની આશાએ દર મહિને લેવામાં આવનાર કસોટી (ક્વિઝ) માટે વિદ્યાર્થીઓ બરાબર તૈયારી કરીને દર મહિને ઓનલાઇન કસોટી ( ક્વિઝ) આપતાં થાય અને તેના માટે વિદ્યાર્થી પોતે જાતે જરૂરી મહેનત કરે અને જરૂર પડે ત્યારે તેના વિષય શિક્ષકોનું માર્ગદર્શન મેળવીને જે મુદ્દો ન આવડતો હોય તેને વધારે સારી રીતે સમજવાનો પ્રયત્ન કરતો રહેશે.

વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન આ યોજનાના પ્રથમ તબક્કાના અમલીકરણના ભાગરુપે ટ્રસ્ટના પ્રોજેક્ટની **પાંચ પ્રાથમિક શાળાઓના ધોરણ ૪ થી ૮ માં અભ્યાસ કરતા કુલ ૬૭૭ વિદ્યાર્થીઓ** માટે આ ઑરો માઇક્રૉ સ્કોલરશીપ યોજના શરુ કરવામાં આવી હતી.

આ યોજના હેઠળ ઑનલાઇન ક્વિઝ આપવા માટેની ઑરો સ્કોલર એપ (APP) ની કેટલીક ટેકનિકલ મર્યાદાઓ અને આ યોજના અંગેની વિદ્યાર્થીઓમાં જાગૃત્તિ (Awareness / awakening) ના અભાવને કારણે આ યોજનાના બહુ ઉત્સાહજનક પરિણામો પ્રાપ્ત થઇ શક્યા નહીં.

માઇક્રૉ સ્કોલરશીપ યોજના અંગેની વિદ્યાર્થીઓમાં જાગૃત્તિ લાવવાના હેતુસર ટ્રસ્ટ અને ઑરો સોસાયટી તરફથી ડિસેમ્બર – ૨૦૨૨ તથા જાન્યુઆરી - ૨૦૨૩ ના મહિનામાં આ પ્રોજેક્ટ અંતર્ગત ની ૬ શાળાઓમાં જઇને ૩ કલાકના સમયગાળા માટે વિશેષ જાગૃત્તિ અભિયાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓના ધોરણ મુજબ સામાન્ય જ્ઞાન અને તમારા તાલુકા, જિલ્લા અને રાજ્યને ઓળખો વિગેરે મુદ્દાઓને આવરી લેતી ક્વિઝ સ્પર્ધાઓનું આયોજન કર્યું હતું. ક્વિઝના વિજેતા વિદ્યાર્થીઓને રોકડ ઇનામ તથા પ્રમાણપત્ર આપીને માઇક્રૉ સ્કોલરશીપ યોજનાની ક્વિઝ આપવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

માર્ચ – ૨૦૨૩ સુધીમાં આ યોજના હેઠળ **૫૨ વિદ્યાર્થીઓએ કુલ રુપિયા ૧૨,૦૦૦ ની** સ્કૉલરશીપ મેળવી હતી.

# શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલ, ધોળકા

**શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલ, ધોળકાનું ધ્યેય (vision) અને કાર્ય (mission) નીચે મુજબ છે.**

**ધ્યેય (vision) :** પ્રભુએ બક્ષેલ માનવ જીવન અમૂલ્ય છે, તેના સ્વાસ્થ્યની માવજત અને સુખાકારી માટે શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલ આધુનિક ટેક્નોલૉજી, નિષ્ણાત તજજ્ઞો અને ગુણવત્તા અને અનુકંપાસભર આરોગ્યલક્ષી સેવાઓ, આર્થિક રીતે નબળી ગ્રામીણ પ્રજાને ધર્મ અને જાતિના ભેદભાવ વગર રાહત દરે આપતી રહેશે.

**કાર્ય (Mission) :** શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલ, ધોળકા અને તેની પડોશમાં રહેતી આર્થિક રીતે નબળી ગ્રામીણ પ્રજાની આરોગ્ય સુખાકારી અંતર્ગત સ્ત્રીરોગ, બાળરોગ અને અન્ય રોગ માટેની અધતન તબીબી સેવાઓ પૂરી પાડશે. હૉસ્પિટલમાં, આ સેવાઓ આપતા નિષ્ણાત તજજ્ઞો અને સ્ટાફના સભ્યો દર્દીની સારવાર દરમિયાન અનુકંપા અને પારદર્શિતા દાખવતો વ્યવહાર કાયમ માટે જાળવશે.

અમદાવાદ જિલ્લાના ધોળકા શહેરનાં નગરજનો અને શહેરની આસપાસના ગ્રામીણ વિસ્તારના જન સમુદાયને આરોગ્યલક્ષી સેવાઓની અધતન સુવિધાઓ રાહત દરે મળી રહે તે હેતુથી, **છેલ્લા ૫૪ વર્ષથી** શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલ, ધોળકામાં પ્રસૂતિ અને સ્ત્રી રોગ સારવારનો વિભાગ, બાળરોગ નિદાન અને સારવાર, ફિઝિશિયન (Physician), એક્સ રે વિભાગ, સોનોગ્રાફી વિભાગ, ઑર્થોપેડીક વિભાગ, મેડિસિન વિભાગ અને ચામડીનાં રોગના નિદાન વિગેરે વિભાગો કાર્યરત છે. આ ઉપરાંત હૉસ્પિટલમાં તમામ પ્રકારના સામાન્ય દર્દોની તપાસ, નિદાન અને સારવાર પણ કરવામાં આવે છે તથા દર્દીને વધુ સઘન સારવારની જરૂર જણાય તો દર્દીને ક્યાં વધુ સારી અને યોગ્ય સારવાર મળી રહેશે, તે અંગેનું યોગ્ય માર્ગદર્શન અને સલાહ પણ અત્રેથી આપવામાં આવે છે.



સોનોગ્રાફીના અધતન મશીન દ્વારા દર્દીની તપાસ

દર્દીની બીમારીના યોગ્ય નિદાન માટે જરૂરી એવા વિવિધ પેથૉલૉજી ટેસ્ટ ધોળકા શહેરની સ્થાનિક અન્ય હૉસ્પિટલોની પેથૉલૉજી લેબોરેટરી કરતા શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલમાં જ આવેલી પેથૉલૉજી લેબોરેટરીમાં દર્દીને જરૂરી એવા બધા જ પરીક્ષણ (Test) રાહત દરે કરી આપવામાં આવે છે. શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલની દવાની દુકાનેથી દર્દીઓને જરૂરી દવાઓ રાહત દરે આપવામાં આવે છે.



પેથૉલૉજી લેબોરેટરી

છેલ્લા ૫૪ વર્ષથી ખૂબ જ રાહત દરે સ્ત્રી રોગ નિદાન અને તેની સારવાર કરવા માટે શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલ ધોળકા શહેર અને તેની આસપાસનાં વિસ્તારોમાં જાણીતી છે. વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન હૉસ્પિટલના પ્રસૂતિગૃહમાં કુલ **૨૦૧૫ બાળકોના** જન્મ થયા છે, **દર મહિને સરેરાશ ૧૬૮ બાળકોના જન્મ થયા છે.** પ્રસૂતિ દરમિયાન માતા તેમજ નવજાત શિશુના સ્વાસ્થ્ય અંગે લેવાતી પૂરતી કાળજીના કારણે **માતાનો મૃત્યુદર શૂન્ય** રહ્યો છે અને બાળ મૃત્યુદરમાં નોંધપાત્ર અંકુશ જોવા મળેલ છે. રાજ્ય સરકારનો નવજાત શિશુના મૃત્યુદર અંગેનો **લક્ષ્યાંક ૧૦૦૦ બાળકે ૪૦ નો** છે.

હૉસ્પિટલમાં જન્મતા દરેક બાળકને હૉસ્પિટલ તરફથી એક બેબીસેટ (પ્લાસ્ટિકની ગોદડી, ઝભલું, લંગોટ અને ટોપી) વિના મૂલ્યે શુભેચ્છા રૂપે ભેટ આપવામાં આવે છે.



હૉસ્પિટલ ખાતેનું પ્રસૂતિ ગૃહ



અધતન ઑપરેશન થિયેટર

**શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલ દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન થયેલી મુખ્ય પ્રવૃત્તિઓ:**

**૧. હૉસ્પિટલનું નવીનીકરણ:** શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલ, ધોળકા ખાતે સારવાર લેવા આવનાર દર્દીઓને અધતન અને અલ્ટ્રા મોર્ડન ટેકનોલોજીની મદદથી વધારે સારી સારવાર અને સગવડો મળી રહે તેવા પ્રયાસો હૉસ્પિટલના ટ્રસ્ટીગણ તરફથી સતત કરવામાં આવે છે. દર્દીઓને હૉસ્પિટલમાં વધુ સારી સુવિધાઓ મળી રહે અને સાથે સાથે દર્દીઓને અધતન સારવાર પણ મળી રહે તે માટે આ વર્ષે હૉસ્પિટલના ઓ.પી.ડી. (Out Patient Department) વિભાગના મકાનનું વિસ્તરણ (E X P A N S I O N) અને નવીનીકરણ (RENOVATION) કરવામાં આવ્યું છે.



હૉસ્પિટલના ઑપીડી વિભાગના મકાનનું નવીની કરણ

સામાન્ય રોગોની સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ (Indoor patient) થનાર દર્દીઓને તથા પ્રસૂતિ માટે આવનાર સ્ત્રીઓને રહેવા માટેના વોર્ડ અને અલાયદા રુમોની સંખ્યા અને તેમાં આપવામાં આવતી સુવિધાઓને વધારવામાં આવી છે.

હૉસ્પિટલમાં સારવાર લેવા આવનાર દર્દીઓને સ્ત્રી રોગ નિષ્ણાત તથા બાળ રોગના નિષ્ણાત અનુભવી ડૉક્ટરોની ૨૪x૭ મુજબ સેવાઓ ઉપલબ્ધ રહે તે હેતુથી હૉસ્પિટલના કેમ્પસમાં જ ડૉક્ટરો માટે નવા સુવિધાપૂર્ણ રહેણાંકોની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. હૉસ્પિટલમાં આ વર્ષે જુલાઇ-૨૦૨૩ થી નવો ઑર્થોપેડીક (Orthopedic) વિભાગ શરૂ કરવામાં આવ્યો છે. આ વિભાગમાં હાડકાંને લગતી વિવિધ તકલીફો વાળા દર્દીઓને તપાસીને તેનું નિદાન કરવામાં આવશે. આ વિભાગમાં જાણીતા અનુભવી ઑર્થોપેડીક સર્જનની મહિનામાં ૨ દિવસ રાહત દરે સેવાઓ ઉપલબ્ધ થશે.

સપ્ટેમ્બર-૨૦૨૨ ના મહિનામાં સ્ટેટ બેંક ઑફ ઇન્ડિયા, આંબાવાડી શાખા, અમદાવાદ તરફથી હૉસ્પિટલને એક એમ્બ્યુલન્સ ભેટમાં મળી છે. આ એમ્બ્યુલન્સ સેવાનો દર્દીઓને રાહત દરે લાભ થાય છે.

**૨. સર્વ રોગ નિદાન અને સારવાર કેમ્પ:** શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલ દ્વારા દર વર્ષે નિયમિત રીતે ધોળકા શહેરની આસપાસના ગામોમાં સર્વ રોગ નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે.

વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન ધોળકા શહેરની આસપાસના **૪૨ ગામોમાં કુલ ૪૫ સર્વ રોગ નિદાન અને સારવાર કેમ્પનું** આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં આવનાર દરેક દર્દીઓને જરૂરી એવી દવા, પેથૉલૉજી ટેસ્ટ, ECG તપાસ તથા અન્ય જરૂરી આરોગ્ય સેવાઓ નિ:શુલ્ક આપવામાં આવી હતી. આ કેમ્પમાં **કુલ ૪૫૯૩ દર્દીઓએ** જરૂરી એવી વિવિધ આરોગ્ય સેવાઓનો લાભ લીધો હતો.




સ્ટેટ બેંક ઑફ ઇન્ડિયા, અમદાવાદ દ્વારા હૉસ્પિટલને દાનમાં મળેલી નવી એમ્બ્યુલન્સ

**૩. સ્ત્રી રોગ ( ગર્ભાશયના ઑપરેશન ) સારવાર કેમ્પ :** શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલ વર્ષોથી સ્ત્રી રોગ ચિકિત્સા વિભાગ દ્વારા લાખો સ્ત્રીઓની સારવાર કરી રહી છે તેનાં ભાગ રૂપે ગર્ભાશયની તકલીફ વાળી મહિલાઓ માટે તદ્દન રાહત દરે ગર્ભાશયના ઑપરેશન (Hysterectomy surgery) કરવા માટેના કેમ્પનું આયોજન હૉસ્પિટલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં **૬ મહિલા દર્દીઓએ ગર્ભાશયના** ઑપરેશન કરાવ્યા હતા.

**કોષ્ટક નં : 3**

**શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલમાં આવેલા દર્દીઓને આપવામાં આવેલી સારવારની માહિતી**

| ક્રમ | વિભાગ વાર દર્દીઓને આપવામાં આવેલ સારવારની માહિતી | છેલ્લા 3 વર્ષ દરમિયાન સારવાર લીધેલ દર્દીઓની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | **ઇનડોર કેસોની સારવારની વિભાગવાર સંખ્યા** | **૨૦૨૦-૨૧** | **૨૦૨૧-૨૦૨૨** | **૨૦૨૨-૨૩** |
| ૧ | સામાન્ય પ્રસૂતિ | ૧૧૫૯ | ૧૨૫૮ | ૧૩૫૯ |
| ૨ | સિઝિરિયન પ્રસૂતિ | ૬૬૫ | ૫૭૯ | ૬૫૬ |
| ૩ | કુટુંબ નિયોજનના ઑપરેશન | ૯૧ | ૧૨૫ | ૨૭૮ |
| ૪ | ગર્ભાશયની કોથળીનું ઓપરેશન | ૫૭ | ૨૭ | ૩૬ |
| ૫ | અન્ય ઑપરેશન | ૩૨૯ | ૩૮૭ | ૪૨૦ |
| ૬ | અન્ય સારવાર માટે દાખલ થયેલ દર્દીઓ | ૦૦ | ૧૩૦૮ | ૧૫૦૬ |
| | **સારવાર આપવામાં આવેલ કુલ ઇનડોર દર્દીઓની સંખ્યા** | **૨૩૦૧** | **૩૬૮૪** | **૪૨૫૫** |
| | **આઉટડોર કેસોની વિગતવાર સંખ્યા** | | | |
| ૧ | પ્રસૂતિ અને સ્ત્રી રોગ વિભાગ | ૨૬૦૮૧ | ૩૦૬૭૦ | ૩૩૯૫૩ |
| ૨ | બાળ રોગ નિદાન વિભાગ | ૮૩૦૨ | ૧૦૮૩૭ | ૧૧૨૯૭ |
| ૩ | ફિઝિસન(physician) વિભાગ | ૨૫૬૨ | ૪૫૧૨ | ૫૦૮૭ |
| ૪ | ચામડીનાં રોગ નિદાન વિભાગ | ૨૭૫૭ | ૨૯૭૪ | ૨૯૪૪ |
| | **સારવાર આપવામાં આવેલ કુલ આઉટડોર દર્દીઓની સંખ્યા** | **૩૯૭૦૨** | **૪૮૯૯૩** | **૫૩૨૮૧** |

# આભાર દર્શન

**અમારા ટ્રસ્ટના વિવિધ લોક ઉપયોગી કાર્યક્રમો અને પ્રવૃત્તિઓના આયોજન અને અમલીકરણમાં નીચે જણાવેલ સંસ્થાઓ અને મહાનુભાવોનો વિવિધ સ્વરૂપે ટ્રસ્ટ ને સાથ – સહકાર પ્રાપ્ત થયો છે તે બદલ અમે ટ્રસ્ટી ગણ સૌનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.**

- ડૉ. અરુણભાઇ દવે, મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, લોક ભારતી સણોસરા, જિ. ભાવનગર
- ડૉ. ભાવના બહેન પાઠક, પંડિત સુખલાલજી લોક વિદ્યાલય કેન્દ્ર, માયધાર, જિ. ભાવનગર
- તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, ધોળકા, જિ. અમદાવાદ
- સર્વ આચાર્યશ્રીઓ, પ્રાથમિક શાળા ખાત્રીપુર, શેખડી, રનોડા, રીડપુરા, સીમેજ, ભુંભલી, કેસરગઢ, શિહોરીપુરા, વેજલકા, જાખડા, જવારજ, અને અરણેજ
- અગસ્ત્ય ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન, બેંગલુરૂ, કર્ણાટક.
- માનનીય શ્રી પ્રતુલભાઇ શ્રોફ, ડૉ. કે.આર. શ્રોફ ફાઉન્ડેશન, અમદાવાદ.
- માનનીય શ્રી ઉદયભાઇ દેસાઇ, ડૉ. કે.આર. શ્રોફ ફાઉન્ડેશન, અમદાવાદ.
- Sir Aurobindo Socirty , Puducherry
- શ્રી ખોડુભાઇ એન. પઢિયાર, પ્રમુખશ્રી, અમદાવાદ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ
- પ્રમુખશ્રી, ધોળકા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ
- માનનીય સર્વ ટ્રસ્ટીગણ શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલ, ધોળકા
- ધોળકા નગરપાલિકાના માનનીય પ્રમુખશ્રી તથા ધોળકા નગરપાલિકાના સૌ માનનીય સભ્યશ્રીઓ
- ઈનસ્પિરોન એન્જિનયરિંગ પ્રા. લિ, અમદાવાદ
- પ્રમોલ ટ્રેડર્સ હોલ્ડિંગસ પ્રા. લિ, અમદાવાદ
- Wealth First Portfolio Managers Limited, Ahmedabad
- Erhardt & Leimer (India) Private Limited, Ahmedabad
- સ્ટેટ બેંક ઑફ ઇન્ડિયા, અમદાવાદ
- શ્રી ગુજરાત વૈશ્ય સભા, અમદાવાદ
- શ્રી રાજેશભાઇ આર. શાહ, અમદાવાદ
- શ્રી પ્રકાશભાઇ એચ. શાહ, અમદાવાદ
- શ્રી અંજનેય ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ
- સુશ્રી માર્ગી દિપકકુમાર મોદી, અમદાવાદ
- શ્રી નીરવભાઇ એ. પરમાર, અમદાવાદ



ડૉ. વિજયકુમાર કૌશલએ BRS,B.Ed,MSW, LLB, M.Phil.અને Ph.D સુધીનો ઉચ્ચ અભ્યાસ કર્યો છે. વર્ષ **૨૦૧૨** માં તેઓએ National Eligibility Test(NET) for Lectureship ની પરીક્ષા પાસ કરી છે. વર્ષ ૧૯૮૭ થી વિક્રમ સારાભાઈ સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઇન્ટરેકશન (VIKSAT) નામની અમદાવાદ સ્થિત પ્રતિષ્ઠિત સ્વૈચ્છિક સંસ્થામાંથી તેમની વ્યવસાયિક કારકિર્દી શરૂ કરી હતી. વિક્સતમાં વન અને પર્યાવરણ યુનિટના પ્રોગ્રામ કોઓર્ડિનેટર તરીકે ૩૧, જુલાઈ **૨૦૧૭** સુધી કાર્યરત રહ્યાં. વર્ષ ૧૯૯૦ થી ૧૯૯૪ દરમિયાન જે. સી. કુમારપ્પા ગ્રામ વિધાપીઠ, ગઢડા (સ્વામીના) જિ. ભાવનગરની Bachelor of Rural Studies નો અભ્યાસક્રમ ભણાવતી કોલેજમાં ઇન્ચાર્જ આચાર્ય તરીકે રહીને અધ્યાપન કાર્ય કર્યું હતું.

**કુદરતી સંસાધનો થકી ટકાઉ વિકાસ અને શિક્ષણ ક્ષેત્રે તેઓ ૩૬ વર્ષનો બહોળો** અનુભવ ધરાવે છે. તેઓ સપ્ટેમ્બર, **૨૦૧૭** માં શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ **ટ્રસ્ટમાં પ્રોગ્રામ મેનેજર** તરીકે જોડાયા. ટ્રસ્ટની શૈક્ષણિક કાર્યક્રમોની વિવિધ પ્રવૃત્તિઓના આયોજન અને અમલીકરણ માટે ટ્રસ્ટના કાર્યકરોની ટીમને માર્ગદર્શન આપી રહ્યા છે.

**સંપર્ક : મો.** : ૯૮૨૫૪ ૧૫૩૧૯ , Email : vkaushal2000@gmail.com



Trust Regd. No.: E/17046, Ahmedabad.
Dated : 28/01/2005

## ધી મુંબઈ પબ્લિક ટ્રસ્ટ કાયદો, ૧૯૫૦ પરિશિષ્ટ-૮ (જુઓ નિયમો - ૧૭ - ૧)
## શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ
## તા. ૩૧.૩.૨૦૨૩ના રોજનું સરવૈયું.

| ફંડ અને જવાબદારીઓ | રકમ (રૂા.) | મિલકત અને અસ્કયામતો | રકમ (રૂા.) |
|---|---|---|---|
| સ્થાપિત ફંડ | ૧,૦૦૧ | કાયમી અસ્કયામતો | ૬,૭૪,૩૦૧ |
| અંકિત કરેલા ફંડ | ૩૦,૦૦,૦૦૦ | રોકડ અને બેંક અવેજ | ૬૩,૪૭,૪૬૩ |
| ઉપજ અને ખર્ચ ખાતું | ૪૦,૬૬,૬૯૪ | અન્ય ચાલુ અસ્કયામતો | ૪૫,૯૩૧ |
| **કુલ** | **૭૦,૬૭,૬૯૫** | **કુલ** | **૭૦,૬૭,૬૯૫** |

## ધી મુંબઈ પબ્લિક ટ્રસ્ટ કાયદો, ૧૯૫૦ પરિશિષ્ટ-૯ (જુઓ નિયમો - ૧૭ - ૧)
## શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ
## તા.૩૧.૩.૨૦૨૩ ના રોજ પુરા થયેલ વર્ષ માટેનો ઉપજ-ખર્ચનો હિસાબ

| ખર્ચ | રકમ (રૂા.) | ઉપજ | રકમ (રૂા.) |
|---|---|---|---|
| વહીવટી ખર્ચાઓ | ૧૨,૮૮,૯૭૦ | વ્યાજની આવક | ૧,૬૫,૬૮૫ |
| ટ્રસ્ટના હેતુઓ અંગેનો ખર્ચ | ૩૧,૮૩,૫૦૮ | મળેલ દાન | ૬૬,૪૯,૦૦૧ |
| ઘસારા ખાતેની જોગવાઈ | ૧,૨૧,૪૬૨ | અન્ય આવક | ૧,૧૦૦ |
| ખર્ચ કરતા ઉપજ નો વધારો જે સરવૈયામાં લઈ ગયેલ તે | ૨૨,૨૧,૮૪૬ | | |
| **કુલ** | **૬૮,૧૫,૭૮૬** | **કુલ** | **૬૮,૧૫,૭૮૬** |

## ૧ એપ્રિલ ૨૦૨૨ થી ૩૧ માર્ચ ૨૦૨૩ દરમિયાન નીચેના દાતાઓ તરફથી ટ્રસ્ટને અનુદાન મળેલ છે.

| ક્રમ | દાતાશ્રીઓનું નામ | સ્થળ | રકમ (રૂપિયામાં) |
|---|---|---|---|
| ૧ | ઈનસ્પિરોન એન્જિનિયરિંગ પ્રા. લિ. | અમદાવાદ | ૩૬,૬૩,૦૦૦ |
| ૨ | શ્રી પ્રકાશભાઇ કે. ભગવતી | અમદાવાદ | ૧૦,૦૦,૦૦૦ |
| ૩ | શ્રી પ્રમોલ ટ્રેડસ હોલ્ડિંગ પ્રા. લિ. | અમદાવાદ | ૬,૫૦,૦૦૦ |
| ૪ | શ્રી પ્રકાશભાઇ એચ. શાહ | અમદાવાદ | ૫,૦૦,૦૦૦ |
| ૫ | Wealth First Portfolio Managers Limited | અમદાવાદ | ૩,૦૦,૦૦૦ |
| ૬ | શ્રી અમોલભાઇ પી. ભગવતી | અમદાવાદ | ૧,૫૦,૦૦૦ |
| ૭ | Erhardt & Leimer (India) Private Limited | અમદાવાદ | ૧,૪૦,૦૦૦ |
| ૮ | શ્રી રાજેશભાઈ આર. શાહ | અમદાવાદ | ૧,૦૦,૦૦૧ |
| ૯ | શ્રી અંજનેય ચેરિટેબલ ટ્રસ્ટ | અમદાવાદ | ૧,૦૦,૦૦૦ |
| ૧૦ | માર્ગી દીપકકુમાર મોદી | અમદાવાદ | ૨૫,૦૦૦ |
| ૧૧ | શ્રી નીરવભાઇ એ. પરમાર | અમદાવાદ | ૨૧,૦૦૦ |
| | **કુલ રકમ** | | **૬૬,૪૯,૦૦૧** |